ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના અંતર્ગત સહાયની રકમમાં વધારો કરવા માટે રૂ.૫.૪૦ કરોડની વર્ષ ૨૦૨૪-૨૫ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંક :LED/BJT/e-file/11/2023/2225/M(2)
સચિવાલય, ગાંધીનગર
તા.૧૪/૦૩/૨૦૨૪

## વંચાણે લીધા:-

(૧) નાણાં વિભાગનો તા.૨૫/૦૬/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:જવય-૧૦૦૪-૬૮૧(૨૧)-ઝ
(૨) નાણાં વિભાગનો તા.૦૧/૦૪/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક:જવય-૧૦૨૦૧૧-ઓ-૩૦૮ (IWDMS No.186826)-ન
(૩)નાણાં વિભાગનો તા.૧૯/૦૩/૨૦૧૬નો સુધારા ઠરાવ ક્રમાંક:જવય-૧૦૨૦૧૧-ઓ-૩૦૮(IWDMS No.186826)-ન

## આમુખ:-

ગ્રામીણ તથા શહેરી અસંગઠિત શ્રમયોગીઓના આકસ્મિક અવસાન/ કાયમી અપંગતા તેમજ આંશિક અપંગતાના કિસ્સામાં તેઓના કુટુંબીજનોને સામાજિક સુરક્ષા મળી રહે તે માટે વંચાણે લીધા ક્રમાંક: (૧) થી (૩) ના ઠરાવોથી ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના અમલમાં છે. આ યોજના હેઠળ ઠરાવની જોગવાઇઓ મુજબ પાત્રતા ધરાવતા અસંગઠિત શ્રમયોગીઓને આકસ્મિક અવસાન/ કાયમી અપંગતાના કિસ્સામાં રૂ. ૧.૦૦ લાખની સહાય તેમજ આંશિક અપંગતાના કિસ્સામાં રૂ. ૫૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

સદર યોજના હેઠળ પાત્રતા ધરાવતા અસંગઠિત શ્રમયોગીઓને આકસ્મિક અવસાન/કાયમી અપંગતા તેમજ આંશિક અપંગતાના કિસ્સામાં આપવામાં આવતી સહાયની રકમમાં વધારો કરવા તેમજ સદર નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ય વિચારણાને અંતે ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના હેઠળ પાત્રતા ધરાવતા અસંગઠિત શ્રમયોગીઓને આકસ્મિક અવસાન/ કાયમી અપંગતાના કિસ્સામાં રૂ. ૨.૦૦ લાખની સહાય તથા આંશિક અપંગતતાના કિસ્સામાં રૂ. ૧.૦૦ લાખની સહાય આપવાનું ઠરાવવામાં આવે છે. આ યોજના તા.૦૧/૦૪/૨૦૨૪થી અમલમાં આવશે.

નીચે જણાવેલ અંદાજપત્રીય સદર, વિગતો અને શરતોને આધિન ગુજરાત સામુહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના અંતર્ગત સહાયની રકમમાં વધારો કરવા માટેની રૂ. ૫.૪૦ કરોડની નવી બાબતને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(અ) માંગણી નં. ૫૭, મુખ્ય સદર ૨૨૩૦ – શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ, પેટા મુખ્ય સદર – ૦૧ શ્રમ, ગૌણ સદર ૧૧૧ મજુરોની સામાજીક સુરક્ષા, પેટા સદર (૨) એલબીઆર ૧૬ ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ સામાજિક સુરક્ષા નીધિ હેઠળ ૩૧૩૫ અન્યને જનરલ સહાયક અનુદાન હેતુ સદરે રૂ. ૨.૭૦ કરોડની જોગવાઈથી અનુભાગ– ૧ ની નવી બાબત.

(બ) માંગણી નં. ૯૫, મુખ્ય સદર ૨૨૩૦ – શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ, પેટા મુખ્ય સદર – ૦૧ શ્રમ, ગૌણ સદર ૧૧૧ મજુરોની સામાજીક સુરક્ષા, પેટા સદર (૨) એલબીઆર ૧૬ ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ સામાજિક સુરક્ષા નીધિ હેઠળ ૩૧૩૫ અન્યને જનરલ સહાયક અનુદાન હેતુ સદરે રૂ. ૧.૨૦ કરોડની જોગવાઈથી અનુભાગ–૧ની નવી બાબત.

(ક) માંગણી નં. ૯૬, મુખ્ય સદર ૨૨૩૦ – શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ, પેટા મુખ્ય સદર – ૦૧ શ્રમ, ગૌણ સદર ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના પેટા સદર (૧૨) એલબીઆર ૧૬ ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ સામાજિક સુરક્ષા નીધિ હેઠળ ૩૧૩૫ અન્યને જનરલ સહાયક અનુદાન હેતુ સદરે રૂ ૧.૫૦ કરોડની જોગવાઈથી અનુભાગ–૧ની નવી બાબત.

- **અન્ય શરતો:–**

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડએ રાખવાની રહેશે.
2. આ યોજનાનો અમલ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમારફતે કરવાનો રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે D B T પદ્ધતિથી જ આપવાની રહેશે.
6. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
7. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
8. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
9. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
10. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
11. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

12.આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

13.પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

14.આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

15.આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

16.આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

17.યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

18.સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

19.આ અંગેનો ખર્ચ ૦૧/૦૪/૨૦૨૪ બાદ કરવાનો રહેશે.

20.આ ગ્રાંન્ટ શ્રમ આયુક્તશ્રીની કચેરી મારફતે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના હવાલે મૂકવાની રહેશે.

➢ આ યોજના અંગેના નાણાં વિભાગના વંચાણે લીધેલ તથા તેઓના વખતો વખતના સુધારા ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સક્ષમ અધિકારીશ્રીની તા.૦૬/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અંશુલ અગ્રવાલ)
સેક્શન અધિકારી
શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, (શ્રમ, કોશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

(૨) માન.રા.ક. મંત્રીશ્રી, (શ્રમ, કોશલ્ય વિકાસ અને રોજગાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) શ્રમ આયુકતશ્રી, શ્રમ આયુકતશ્રીની કચેરી,ગુ.રા. ઉધોગ ભવન,સેકટર-૧૧, ગાંધીનગર.

(૫) સભ્ય સચિવશ્રી,ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ.
(૯) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૧૦) નાંણા સલાહકારશ્રી, શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૧) બજેટ શાખા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૨) આઇ.ટી.સેલ., શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઇલ.
(૧૪) શાખા સિલેકટ ફાઇલ.